| GJBK160003442025 | | આંક | – | ૨૪ |
|---|---|---|---|---|
| | | રજુ.તા. | – | ૧૯/૦૨/૨૦૨૫ |
| | | દાખલ તા. | – | ૧૯/૦૨/૨૦૨૫ |
| | | ફેસલ તા. | – | ૧૦/૦૭/૨૦૨૬ |
| | | અવધી | – | **૦૧** વર્ષ, **૦૪** માસ, **૨૧** દિવસ |

सत्यमेव जयते

## *શિહોરીના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.શિહોરી*

**ફોજદારી કેસ નંબર–૨૮૪/૨૦૨૫**

| | | |
|---|---|---|
| શ્રી સરકાર | | .....ફરીયાદી. |
| | | |
| *વિરૂધ્ધ* | | |
| | | |
| **રાજેન્દ્રપ્રસાદ સુગારામ જાટ,**<br>ઉ.વ.આ.૩૨, ધંધો:ડ્રાઈવીંગ,<br>રહે.કાંટ, તા.શાહપુરા, જી.જયપુર(રાજસ્થાન) | | .....આરોપી. |

| | |
|---|---|
| **ગુનોઃ–** | **ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૨૫(એ), ૨૮૧ તથા મો.વિ.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ ,૧૩૪ મુજબ** |

| | | |
|---|---|---|
| શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી | – | આર.કે.માજીરાણા |
| આરોપી તરફે વિ.વશ્રી– | – | ડી.કે.ડાભી |

**:: *ઠ રા વ* ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૫/૧૧/૨૦૨૪ ના કલાક ૦૫–૩૦ વાગ્યાના સુમારે મોજે શિહોરી થરા હાઈવે રોડ ઉપર માનપુર નજીક આ કામના આરોપીએ પોતાનું કબજા ભોગવટાનું ટ્રેઈલર નં.આરજે–પર–જીએ–૪૦૪૩ નું પુરઝડપે, બેદરકારી રીતે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદી ફાર્મટિક કંપનીનુ ટ્રેકટર નં.જીજે–૦૮–બીએસ–૮૯૫૭ ટ્રેકટરના પાછળના ટોલાના પાછળના ભાગે ટકકર મારી ટોલામાં ભરેલ મગફળી રોડ ઉપર

ઢોળાઇ ગયેલ તેમજ ટ્રેકટર ઉપર બેઠેલ સાહેદ નં.૦૪ કાનજીભાઇ જોરાભાઇ દેસાઇને જમણા ભાગે ફેકચર કરી તથા ફરીયાદીને ઇજાઓ કરી ટ્રેઇલર લઇ નાશી જઇ ગુનો કર્યા અંગેની ફરીયાદ શિહોરી પો.સ્ટે.ના ગુ.ર.નં.૧૧૧૯૫૦૪૪૨૪૦૮૨૦/૨૦૨૪ હેઠળ બી.એન.એસ કલમ–૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુનો નોંધાયેલ અને ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપીઓઓ વિરૂદ્ધ તપાસ કરનાર અધિકારીએ પુરતો પુરાવો પડતો હોય ઈન્સાફી કાર્યવાહી સારૂ હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ.

(૨) આ કામે આરોપીને સમંસ કરતા, આરોપી હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાતરી કર્યા બાદ આંક–૦૨ થી આરોપીની પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતા, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ઉપરોક્ત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| | **ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવો** | |
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૦૭ | ફરીયાદી – પુનમસંગ ભીખાજી સોલંકીની જુબાની |
| (૨) | ૧૧ | સાહેદ– કાનજીભાઇ જોરાભાઇ દેસાઇની જુબાની |
| (૩) | ૧૨ | સાહેદ– કેશરભાઇ જોરાભાઇ દેસાઇની જુબાની |
| (૪) | ૧૮ | સાહેદ– મકશીભાઇ જોરાભાઇ દેસાઇની જુબાની |
| (૫) | ૨૧ | ત.ક.અ.–રાજેશકુમાર ઇશ્વરલાલ શ્રીમાળીની જુબાની |
| | **ફરીયાદ પક્ષનો લેખીત પુરાવો** | |
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૦૮ | ફરીયાદની ખરી નકલ |
| (૨) | ૧૩ થી ૧૫ | મેડીકલ સારવાર અંગેનું સર્ટીફીકેટ |
| (૩) | ૨૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની વિ.એ.પી.પી.શ્રીની મૌખીક રજુઆત બાદ, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોતા બી.એન.એસ.એસની કલમ ૩૫૧ મુજબનું આરોપીઓનું એફ.એસ નોંધતા ફરીયાદપક્ષના પુરાવાનો ઈનકાર કરેલ છે. તેમજ તેઓ નિર્દોષ છે અને તેઓ પર ખોટી ફરીયાદ કરેલ છે તેવુ જણાવેલ છે. તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો ઈનકાર કરેલ છે તથા બચાવપક્ષે પુરાવો રજુ કરવાનો પણ ઈનકાર કરેલ છે. આમ, આરોપીઓનુ એફ.એસ. નોંધ્યા બાદ સદર કામ પક્ષકારોની દલીલો સાંભળવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

(૬) આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી પક્ષે વિ.વશ્રીની મૌખીક દલીલો સાંભળેલ.

(૭) કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એવુ સાબીત કરેલ છે કે, તા.૨૫/૧૧/૨૦૨૪ ના કલાક ૦૫–૩૦ વાગ્યાના સુમારે મોજે શિહોરી થરા હાઈવે રોડ ઉપર માનપુર નજીક આ કામના આરોપીએ પોતાનું કબજા ભોગવટાનું ટ્રેઈલર નં.આરજે–પર–જીએ–૪૦૪૩ નું પુરઝડપે, બેદરકારી રીતે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદી ફાર્મટિક કંપનીનુ ટ્રેકટર નં.જીજે–૦૮–બીએસ–૮૯૫૭ ટ્રેકટરના પાછળના ટોલાના પાછળના ભાગે ટકકર મારી ટોલામાં ભરેલ મગફળી રોડ ઉપર ઢોળાઈ ગયેલ તેમજ ટ્રેકટર ઉપર બેઠેલ સાહેદ નં.૦૪ કાનજીભાઈ જોરાભાઈ દેસાઈને જમણા ભાગે ફેકચર કરી તથા ફરીયાદીને ઈજાઓ કરી ટ્રેઈલર લઈ નાશી જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૨૫(એ), ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબનો ગુનો આચરેલ છે?

(૨) શુ હુકમ

(૮) ઉપરોક્ત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબના છે.

(૧) નકારમાં...
(૨) આખરી હુકમ મુજબ

(૯) ઉપરોક્ત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ અને ૨**

(૧૦) ફોજદારી કાર્યવાહીમાં ન્યાયીક નિર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવુ ખાસ જરૂરી છે કે, ફરીયાદપક્ષે કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે.

(૧૧) આરોપી પર બી.એન.એસની કલમ–૨૮૧ મુજબના આક્ષેપો છે. ફરીયાદ પક્ષે વ્યાજબી શંકાથી પર એવું પુરવાર કરવાનું રહે છે કે, બનાવના સમયે આરોપી પોતાના કબ્જાનું વાહન બેદરકારીભરી રીતે, ગફલતભરી રીતે અને પુરઝડપે ચલાવતા હતા. આમ, બી.એન.એસની કલમ–૨૮૧ નો ગુન્હો પુરવાર કરવામાં માત્ર પુરઝડપ નહી પરંતુ આરોપીની બેદરકારીનું કૃત્ય પણ પુરવાર કરવું અતિ આવશ્યક અને જરૂરી છે. જો કે આરોપીની બેદરકારી હતી તેમ પુરવાર કરવું અતિ મુશ્કેલ હોય છે જેથી ફરીયાદ પક્ષે એવો ઠોસ પુરાવો આપવો જોઇએ કે જેથી આરોપીની બેદરકારી હતી તેમ અદાલતના રેકર્ડ પર પુરવાર થઈ શકે.

(૧૨) ઉપરોક્ત સિદ્ધાંતને નજરમાં રાખીને હાથ ઉપરના કિસ્સામાં પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી પુનમસંગ ભીખાજી સોલંકી (આંક–૦૭) થી તપાસેલ છે. અને આંક–૦૮ થી ફરીયાદ રજુ કરેલ છે. ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરીયાદ હકીકતોને સમર્થન આપવા પ્રયત્ન કરેલ છે. તેઓ જણાવે છે કે, બનાવ સમયે તેઓ ડ્રાઈવીંગ કરતા હતા અને કાનજીભાઇ જોરાભાઇ દેસાઇ તેઓની સાથે ટ્રેકટરમાં બેસેલા હતા. તે સમયે આરોપી પાછળથી ટ્રેલર લઇ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આગળ થઇ તેઓના ટ્રેકટરને ટકકર મારતા તેઓનુ ટ્રેકટર પલટી ખાઇ જતા તેમા ભરેલ મગફળી રોડ પર પડી ગયેલ અને તેઓની સાથે બેસેલા કાનજીભાઇ જોરાભાઇ રોડ પર પડી જવાથી તેઓને જમણા પગે ગોળાના ભાગે તથા શરીરે નાની મોટી ઈજાઓ થતા ૧૦૮ મારફતે શિહોરી સરકારી દવાખાને લઇ ગયેલ અને ફરીયાદીને થરા સરકારી દવાખાને લઇ ગયેલ. તેઓ વધુમાં જણાવે છે કે, તેઓને ટ્રેલરનો નંબર ખબર નથી કે તેઓ ચાલકને ઓળખતા નથી. આરોપીપક્ષે થયેલ ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે અકસ્માત કરનાર ટ્રેલરનો નંબર તેઓએ જોયેલ નથી. તે

હકીકત પણ સ્વીકારેલ છે કે, અકસ્માત વખતે કે તે બાદ તેઓએ ચાલકને જોયેલ નથી કે ઓળખતા પણ નથી. તે હકીકત પણ સ્વીકારેલ છે કે, અકસ્માત કોની બેદરકારીથી થયેલ તે તેઓ કહી શકે નહી. આમ, ફરીયાદીનો પુરાવો જોતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરીયાદપક્ષ ફરીયાદીના પુરાવાથી બનાવ સમયે અને સ્થળે અકસ્માત થયેલ હોવાની હકીકતો પુરવાર કરી શકેલ છે. પરંતુ ફરીયાદીનો પુરાવો જોતા સદર અકસ્માત હાલના આરોપીની બેદરકારીને કારણે થયેલ હોય તેવી હકીકત નિશંક:પણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં ફરીયાદીનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીની તેમજ અકસ્માતમાં સંડોવાયેલ વાહનની ઓળખ પ્રસ્થાપિત કરી શકેલ નથી. જેથી ફરીયાદીના પુરાવાથી આરોપીને ગુનામાં સાંકળવા અને તકસીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયોચિત જણાઇ આવતુ નથી.

(૧૩) હવે, આ બનાવમાં ઈજા પામનાર સાહેદ એટલે કે કાનજીભાઇ જોરાભાઇ દેસાઇ (આંક–૧૧)થી તપાસેલ છે. જયારે સાહેદ કેશરભાઇ જોરાભાઇ દેસાઇને આંક–૧૨ થી તપાસેલ છે. ઉપરોકત બંને સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓએ એક જ જેવી હકીકત જણાવેલ હોય બંને પુરાવાને એકસાથે સાંકળી મુલ્યાંકન કરવામાં આવે તો, બનાવ સમયે તેઓ, ડ્રાઇવર પુનમજી તથા તેમના ભાઇ કેશરભાઇ જોરાભાઇ ટ્રેકટરમાં મગફળી લઇને થરા જવા નીકળેલા હતા. તે સમયે માનપુર હાઇવે આગળ એક ટ્રેલરે તેઓના ટ્રેકટરને ટકકર મારતા તેઓ ફંગોળાઇને નીચે પડેલ. અને તેઓને થાપાના ભાગે ઈજાઓ થતા તેઓને સારવાર માટે શિહોરી સરકારી દવાખાને લઇ ગયેલ જયાંથી વધુ સારવાર અર્થે પાટણ ખાનગી હોસ્પીટલમાં લઇ ગયેલા. તેઓ અકસ્માત કરનાર ચાલકને ઓળખતા નથી. જયારે તેઓ અકસ્માત કરનાર ટ્રેલરનો નંબર આર.જે.પર .૪૦૪૩ હતો તેમ જણાવે છે. આરોપીપક્ષની ઉલટતપાસમાં તેઓ તે હકીકત સ્વીકારેલ છે કે, માનપુર વાળો રોડ નેશનલ હાઇવે છે અને ત્યા વાહનોની અવરજવર રહે છે. તે હકીકત નો ઇન્કાર કરેલ છે કે, તેઓનુ ટ્રેકટર પુનમજી ચલાવતા હતા અને તેમની બેદરકારીને કારણે ટ્રેકટર ઉંધુ થઇ જતા ટ્રોલી ઉંધી થઇ ગયેલ. વધુમાં તેઓ તે હકીકતનો પણ ઇન્કાર કરે છે કે, કલેમ મેળવવા માટે ફરીયાદીના સમર્થનમાં ખોટી જુબાની આપેલ છે. તેઓએ તે હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સમયે અંધારુ હતુ અને અકસ્માત કોની બેદરકારીથી થયેલ તે તેઓ કહી શકે નહી. આમ, સાહેદનો પુરાવો જોતા તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે. સદર સાહેદ બનાવ નજરે જોનાર છે તેમજ ઈજા પામનાર સાહેદ છે. જેથી સદર સાહેદનો પુરાવો હાથ પરના કેસમા મહત્વનો બની રહે છે. સદર સાહેદે આપેલ પુરાવાથી બનાવ સમયે અને સ્થળે અકસ્માત થયેલ હોવાની હકીકતો પુરવાર કરી શકેલ છે. પરંતુ સાહેદનો પુરાવો જોતા સદર અકસ્માત હાલના આરોપીની બેદરકારીને કારણે થયેલ હોય તેવી હકીકત નિશંક:પણે પુરવાર

કરી શકેલ નથી. સદર સાહેદે અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓના મૌખિક પુરાવામાં જણાવેલ છે. પરંતુ આરોપીપક્ષે થયેલ ઉલટતપાસ જોતા તેઓએ બનાવ સમયે અંધારુ હોવાની હકીકત સ્વીકારેલ છે. તેમજ બનાવ કોની બેદરકારીથી થયેલ તે તેઓએ સ્પષ્ટ કથન કરેલ નથી. જેથી ફકત વાહનની ઓળખ પ્રસ્થાપિત થવાની સાથે આરોપીની બેદરકારી પણ ફરીયાદપક્ષે પુરવાર કરવી જોઇએ પરંતુ સદર સાહેદના પુરાવામાં પણ સદર બનાવમાં આરોપીની બેદરકારી હોય તેવી હકીકતો નિશંક:પણે પુરવાર કરી શકેલ ન હોય હાલના સાહેદના પુરાવાથી આરોપીને ગુનામાં સાંકળવા અને તકસીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયોચિત જણાઇ આવતુ નથી.

(૧૪) હવે, ફરીયાદપક્ષના સાહેદ મકશીભાઇ જોરાભાઇ દેસાઇને આંક–૧૮ થી તપાસેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, બનાવ સ્થળે અને સમયે બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ સદર બનાવ તેઓએ નજરે જોયેલ હોય તેવુ બનેલ નથી તેવુ તેઓના પુરાવાથી ફલીત થાય છે. તેઓએ આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં તે હકીકત સ્વિકારેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી. વધુમાં, તેઓએ સ્વિકારેલ છે કે, બનાવ બન્યો ત્યારે તેઓ પોતાના ઘરે હતા. તેઓએ તે હકીકતનો ઇન્કાર કરેલ છે કે, ઇજા પામનાર સાહેદ તેમના ભાઇ હોવાથી તેમના સમર્થનમાં ખોટી જુબાની આપે છે. આમ, ફરીયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, સાભંળેલો પુરાવો રજુ કરેલ છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈ હેઠળ સાંભળેલા પુરાવાથી આરોપીને ગુનામાં સાંકળવા ન્યાયોચીત નથી. જેથી આરોપીનું અકસ્માતના બનાવમાં કોઈ બેદરકારી હોય અને વાહન ગફલતભરી રીતે હંકારીને અકસ્માત કરેલ હોય તેવી હકીકત રેકર્ડ પર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી.

(૧૫) વધુમાં, સદર કામે તપાસ કરનાર અધિકારી રાજેશકુમાર ઇશ્વરલાલ શ્રીમાળીને આંક–૨૧ થી તપાસેલ છે. સદર સાહેદનો પુરાવો જોતા તેઓએ વિધિવત રીતેને પુરાવો આપેલ છે. જ્યારે ફરીયાદપક્ષના પુરાવાથી આરોપીની ઓળખ તેમજ અકસ્માત કરનાર વાહનની ઓળખ ફરીયાદપક્ષ પ્રસ્થાપીત કરી શકેલ ન હોય તેમજ આરોપીની બેદરકારી પુરવાર કરી શકેલ ન હોય તે સંજોગોમાં ફક્ત તપાસ કરનાર અધિકારીના પુરાવાથી આરોપીને ગુનામાં સાકંળવા ન્યાયોચીત જણાઈ આવતુ નથી.

(૧૬) વળી, ઉપરોકત કરવામાં આવેલ વિગતવારની ચર્ચા અનુસાર જયારે બી.એન.એસ.ની કલમ ૨૮૧ ના જ આક્ષેપો પુરવાર થઈ શકતા નથી તેવા સંજોગોમાં બી.એન.એસ.ની કલમ

૧૨૫(૧) ના આક્ષેપો પણ પુરવાર થઈ શકતા નથી. અહીં ફરીયાદપક્ષે આંક–૧૪ થી ડ્રાઈવર પુનમસંગ ભીખાજી સોલંકી તેમજ આંક–૧૩ અને ૧૫ થી ઈજા પામનાર સાહેદ કાનજીભાઇ જોરાભાઈનુ મેડીકલ સારવાર અંગેના સર્ટીફીકેટ રજુ કરેલ છે. જયારે આંક–૨૦ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાને આરોપીપક્ષે કબુલ રાખેલ છે. હવે આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો અકસ્માતના બનાવને સમર્થનકારી પુરાવો ગણાય પરંતુ આ પુરાવાથી આરોપીની પુરઝડપ અથવા બેદરકારીના કારણે અકસ્માત થયેલ હોવાનુ પુરવાર થઈ શકે નહીં.

(૧૭) ઉપરોકત તમામ ચર્ચા એકીસાથે વંચાણે લેવામાં આવે તો, ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાથી માત્ર અને માત્ર અકસ્માત થયેલ હોવાની હકીકત તથા તે અકસ્માતમાં ઈજા પામનારને ઈજા થયેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત થઈ શકે છે પરંતુ આ સમગ્ર પુરાવાથી આરોપીની વાહન હંકારવામાં બેદરકારી શંકારહીત પુરવાર થઈ શકતી નથી. જેથી આરોપી વિરૂદ્ધના આક્ષેપો શંકારહીત પુરવાર થઈ શકતા ન હોવાથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવાના નિર્ણય પર આ અદાલત પહોંચેલ છે. જેથી આરોપીને તેમની વિરૂધ્ધના ગુન્હામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવવો ન્યાયના હીતમાં ઉચીત જણાતુ હોઈ મુદ્દા નં. ૨ સબબ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –::આખરી હુકમ::–

(૧) આ કેસના આરોપી **રાજેન્દ્રપ્રસાદ સુગારામ જાટ,** ઉ.વ.આ.૩૨, ધંધો:ડ્રાઈવીંગ, રહે.કાંટ, તા.શાહપુરા, જી.જયપુર(રાજસ્થાન)નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૭૮(૧) અન્વયે તેઓની સામેના ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૨૫(૧), ૨૮૧ તથા મો.વિ.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪,૧૩૪ મુજબના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) અપિલ સમય વિત્યે આરોપીના જામીન ખત રદ્દ ગણવા.

(૩) મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો હુકમ કરેલ હોય તો કાયમ રાખવામાં આવે છે. અન્યથા સબંધીત પોલીસ સ્ટેશના જવાબદાર અધિકારી/કર્મચારીએ મુદ્દામાલ વાહન મુળ માલીકની ખરાઈ કરી મુળ માલીકને પરત કરવો.

(૪) સદર હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશનને યાદી મારફતે કરવી.

ઠરાવ આજ રોજ તારીખ ૧૦, જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| શિહોરી | | (રિતેશ વિનોદકુમાર પટેલ) |
| તા.૧૦/૦૭/૨૦૨૬ | | જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, શિહોરી<br>કોડ નં.જી.જે.૦૧૬૮૬ |